પેન્શનરોને જિલ્લા તિજોરી કચેરી ખાતેથી સેન્ટ્રલાઈઝ
**પેમેન્ટ સીસ્ટમથી પેન્શનનું ચૂકવણું કરવા બાબત.**

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય, **'વીમા અને લેખા ભવન'**,
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**પરિપત્ર ક્રમાંક : હિતિનિ/ટીસી/ફા.૧૨૫/ટી.આર./૧૧૫૬/** ૬૪૮૧ થી ૬૫૫૦
તારીખ : ૨૩-૭-૨૦૦૭.

**:: પરિપત્ર નંબર :૨૩/ ૨૦૦૭**

નાણા વિભાગના તા.૨-૭-૦૭ ના ઠરાવ ક્રમાંક : તજર-૧૦૨૦૦૭-૧૮૫-ઝ થી રાજય સરકારના પેન્શનરોને નિવૃત્તિ લાભના ચૂકવણાં ઝડપથી અને સરળતાથી મળે તેવો રાજય સરકારનો અભિગમ છે અને તેને અનુલક્ષીને હાલની પેન્શન ચુકવણાંની પ્રથાની સમીક્ષા કરતાં હાલની પ્રથામાં આંશિક સુધારો કરવો જરૂરી જણાતાં કાળજીપુર્વકની પુખ્ત વિચારણાને અંતે રાજય સરકારના નિવૃત્ત થતાં કર્મચારી / અધિકારીશ્રીઓને તેમના પેન્શનના દાવાની રકમ ઝડપથી મળે અને હકકદાર વ્યકિતને જ ચુકવાય તે માટે તા.૧-૮-૨૦૦૭ થી તમામ પેન્શનરોને જિલ્લા તિજોરી કચેરી ખાતેથી સેન્ટ્રલાઈઝ પેન્શન પેમેન્ટ સીસ્ટમ હેઠળ પેન્શનનું ચુકવણું કરવાની પ્રથા અમલમાં મુકવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ પ્રથાનો અમલ કરવા માટે ઠરાવમાં દર્શાવ્યા મુજબ નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ તરફથી નીચે મુજબની કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવે છે.

**(અ) તા.૧-૮-૦૭ ના રોજ / ત્યારપછી નિવૃત્ત થતાં પેન્શનર માટે :-**

- પેન્શન અધિકૃત સત્તાધિકારી ધ્વારા પી.પી.ઓ. જિલ્લા તિજોરી કચેરી કક્ષાએ મોકલવાનો રહેશે.
- તાલુકા કક્ષાએ પેન્શનરનો પી.પી.ઓ., આર.પી.એ.ડી.થી પેન્શનરની ઓળખવિધિ માટે પેટા તિજોરી કચેરીને મોકલવો.
- પેટા તિજોરી અધિકારીશ્રીએ પેન્શનરની ઓળખવિધિ કરી આઈ.આર.એલ.એ. પ્રથા હેઠળ જરૂરી પેપર્સ મેળવી જિલ્લા કક્ષાએ આર.પી.એ.ડી.થી પરત મોકલવા.
- જિલ્લા કક્ષાએ ખરાઈ કરાયેલ પી.પી.ઓ. તથા દસ્તાવેજો મળેથી (તા.૧-૮-૦૭ પછીથી નવા નિવૃત્ત થતાં),
  - પેન્શનરના વિકલ્પ મુજબ એકાઉન્ટસમાં રકમ જમા કરાવવી.
  - જિલ્લા/તાલુકા મથક બહાર હોય તો ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડરથી ચુકવણી કરવી.
  - પ્રથમ ચુકવણી બાદ નિયમિત માસિક પેન્શન ચુકવણી (તફાવત સહિતની) પેન્શનરના બેંક ખાતામાં સીધી જમા કરાવવી.

**(બ) હયાત પેન્શનર માટે (તા.૧-૮-૦૭ પહેલાં નિવૃત્ત થયેલ હોય) :-**

- તાલુકા કક્ષાએ હયાત તમામ પેન્શનરોના પી.પી.ઓ. તથા તેને સંલગ્ન લેજર વિગેરે જિલ્લા કક્ષાએ મેળવવાના રહેશે.
- તાલુકા કક્ષાએ પ્રવર્તમાન પેન્શનરોના પી.પી.ઓ.નું તથા લેજર સાથે મેળવણું કરવાનું રહેશે અને મેળવણું કર્યા બાદ ખુટતા પી.પી.ઓ. ની તાત્કાલિક વ્યવસ્થા કરવી.
- જિલ્લા કક્ષાના તાલુકાએ થી મેળવેલ તમામ પી.પી.ઓ.નો નવા ઓરેકલ પ્રોગ્રામમાં ડેટા તૈયાર કરવો. કોમ્પ્યુટરાઈઝડ ડેટાની પ્રિન્ટ લઈ પી.પી.ઓ. સાથે ખરાઈ કરવી.
- ખરાઈ કરેલ તમામ પી.પી.ઓ. માસ્ટર પત્રક કાયમી ધોરણે રેકર્ડ ઉપર રાખવું.

- સંબંધકર્તા પેટા તિજોરી અધિકારીશ્રીએ પી.પી.ઓ. તથા રેકર્ડની તબદીલી કરતાં પહેલાં લાસ્ટ પેઈડ અંગેની પી.પી.ઓ. તથા લેજરમાં નોંધ કરી અધિકૃત કરવા.

❖ ઓગષ્ટ-પેઈડ ઓન પહેલી સપ્ટેમ્બર, જિલ્લા કક્ષાએથી સંબંધકર્તાના ખાતામાં રકમ જમા કરાવવાની કાર્યવાહી કરવી.

❖ સંબંધકર્તા તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓએ તાલુકાના પેન્શનરોના પેન્શન ચુકવણાં જિલ્લા કક્ષાએથી શરૂ કર્યા હોવાની બાબતની વિગતવાર જાણ સંબંધકર્તા પેન્શનરને <u>સામેલ કરેલ પત્રની વિગતે કરવાની રહેશે.</u>

❖ જિલ્લા તિજોરી અધિકારીશ્રીએ જરૂર જણાયે બેંક કામગીરી ઝડપ અને સરળ બને તે માટે સ્થાનિક બેંક સત્તાવાળાઓની સાથે એક મીટીંગ આયોજીત કરી, આયોજન અંગે માહિતી તથા સમજૂતી આપવાની રહેશે. આ અંગે ચર્ચાની મીનીટસ પણ ડ્રાફ્ટ કરી રેકર્ડ ઉપર રાખવાની રહેશે.

❖ તાલુકા કક્ષાએથી મનીઓર્ડરથી ચુકવણું કરવામાં આવતું હોય તો તેવા પેન્શનરોની વિગતો મેળવી જિલ્લા કક્ષાએથી મનીઓર્ડર ધ્વારા પેન્શન ચુકવણી કરવાની રહેશે.

❖ તાલુકા કક્ષાએથી કાઉન્ટર ધ્વારા ચુકવણું મેળવતાં પેન્શનરોની નાણા વિભાગના તા.૨-૭-૦૭ ના ઠરાવ ક્રમાંક : તજર-૧૦૨૦૦૭-૫૫૨-ઝ થી પ્રથા બંધ થયેલ હોય તેવા કિસ્સામાં પણ ચુકવણાં આઈ.આર.એલ.એ. પધ્ધતિથી જિલ્લા કક્ષાએથી તજવીજ કરવાની રહેશે.

❖ તાલુકા કક્ષાની કામગીરી જિલ્લા કક્ષાએ કરવા માટે સંબંધકર્તા જિલ્લા તિજોરી અધિકારીશ્રીએ વ્યવસ્થા કરવાની રહેશે.

❖ જિલ્લા તિજોરી અધિકારીશ્રી તાલુકા કક્ષાએથી કર્મચારી/અધિકારીશ્રીને જરૂરીયાત મુજબ પ્રતિનિયુક્તિ ઉપર જિલ્લા કક્ષાએ બોલાવી શકશે.

❖ ઉક્ત સૂચનાઓનો અમલ તા.૧-૮-૦૭ થી કરવાનો રહેશે. અર્થાત ઓગષ્ટ માસનું ચુકવણું (પેઈડ ફર્સ્ટ સપ્ટેમ્બર) જિલ્લા કક્ષાએથી કરવાનું રહેશે. આ માટે તમામ તબદીલ થયેલ પી.પી.ઓ., દસ્તાવેજો વિગેરેના કોમ્પ્યુટરાઈઝેશન વિગેરેની કામગીરી <u>તા.૧૫-૮-૦૭</u> સુધીમાં બીનચૂક રીતે પૂરી કરવાની રહેશે.

❖ કોઈપણ વહીવટી કારણોસર કોઈપણ પેન્શનરને ચુકવણું સમયસર ન થઈ શકે તો તેની વૈકલ્પિક વ્યવસ્થા કરવી, પરંતુ આવા કિસ્સા વડી કચેરીના ધ્યાન ઉપર લાવવાના રહેશે.

❖ પેન્શન ચુકવણીની અન્ય શરતો, પ્રથા તથા કાર્યપધ્ધતિ વિગેરે પ્રવર્તમાન નિયમોનુસાર કરવાની રહેશે.

❖ ઉક્ત સૂચનાઓનો નાણા વિભાગના ઉક્ત તા.૨-૭-૦૭ના ઠરાવના અમલીકરણ સરળ બનાવવાના હેતૂથી આપવામાં આવે છે. અન્ય શરતો યથાવત રહેશે.

❖ આ પરિપત્રની પહોંચ મોકલી આપવી.

નિયામક.

પ્રતિ,

(૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રો.ફંડની કચેરી, 'વીમા અને લેખા ભવન', ગાંધીનગર.
(૨) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ (સદર મુકામ), ગાંધીનગર.
(૩) પગાર અને હિસાબ અધિકારીશ્રી, પી.એ.ઓ.કચેરી, અમદાવાદ / ગાંધીનગર.
(૪) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, .................... (તમામ)
(૫) જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, .................. (તમામ)
(૬) તિજોરી અધિકારીશ્રી(પેન્શન), પેન્શન ચુકવણાં કચેરી, અમદાવાદ.
(૭) વડી કચેરીની તમામ શાખાઓ.

# મુસદો

નંબર:–

તા. / /૨૦૦૭

પ્રતિ,

..........................

..........................

..........................

**વિષય:—તા.૧/૮/૨૦૦૭ થી આપના પેન્શન અંગેની વ્યવસ્થા બાબત.**

ઉપર્યુકત વિષય અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: તજર/૧૦૨૦૦૭/૧૮૫/ઝ તા.૨/૭/૦૭ થી પેન્શનરોને જિલ્લા તિજોરી કચેરી ખાતેથી સેન્ટ્રલાઈઝ પેમેન્ટ સીસ્ટમથી પેન્શનનું ચુકવણું કરવાનો નિર્ણય લેવાયેલ છે. જેથી નીચેની વિગતો ધ્યાને લેવા વિનંતી.

- દર વર્ષે કરવામાં આવતી આપની હયાતીની ખરાઈ જિલ્લા તિજોરી કચેરી, .......................... ઉપરાંત આપના પેન્શનના બેંક ખાતાના સંબંધિત બેંક મેનેજરશ્રી પાસે પણ કરાવી શકશો. હયાતીની ખાત્રી કરાવવા માટે જિલ્લા તિજોરી કચેરી, .......................ખાતે રૂબરૂ આવવું ફરજીયાત નથી.
- કાઉન્ટર ઉપર થી અથવા મનીઓર્ડરથી પેન્શન મેળવતા પેન્શનરે તેમની હયાતીની ખાત્રી જિલ્લા તિજોરી કચેરી, ........................ખાતે કરાવવાની રહેશે.
- માહે ૮/૨૦૦૭ થી પેન્શન અંગેના કોઈપણ કામકાજ માટે જિલ્લા તિજોરી કચેરી,.................. (પુરું સરનામુ લખવું) ખાતે સંપર્ક સાધવા વિનંતી.
- મેડીકલ રીએમ્બર્સમેન્ટના કલેઈમ જિલ્લા તિજોરી કચેરી,................ ખાતે રજુ કરવાના રહેશે તથા નિયમોનુસાર ચૂકવવાપાત્ર કલેઈમ આપના બેંક એકાઉન્ટમાં સીધેસીધા જમા કરાવવામાં આવશે.

**જિલ્લા તિજોરી અધિકારી**